
॥ રામકબીર ॥

# શ્રી સંધ્યા આરતી



નામ : શ્રી રામકબીર મંદિર તરફ

ગામ : ______ તાલુકો : [illegible]

જીલ્લો : ______ ફોન નં. : ______

સંધ્યા સમરણ આરતી । ભજન ભરૂંસે દાસ ।

મનસા વાચા કર્મના । જબ લગ ઘટમેં શ્વાસ ॥

॥ રામકબીર ॥

# રામકબીર મંદિર વહીવટી સમિતિ

# ના સહયોગથી

# તરફથી સપ્રેમ સહયોગ

# રામકબીર

## તૃતીય સંસ્કરણ

પ્રત :

આ પુસ્તક કોઈ પણ ભગત વ્યાજબી ભાવે છપાવીને ભેટ આપવા ઈચ્છતો હોય તો પ્રકાશનો સંપર્ક સાધવો.

॥ રામકબીર ॥

# ॥ સંવેદન ॥

આન ધર્મમેં અતિ પ્રવિણ, ઔર હરિ ધર્મમેં સામાન્ય ॥
જૈસે રત્ન અમોલ કર, જાને નહિ અજાન ॥ ૩૦ ॥ ૩૮૪ ॥

કૃષ્ણદાસની પરચરી

વ્યાસદાસ કહે છે પરધર્મમાં ખૂબ હોશિયાર હોય અને સ્વધર્મમાં નજીવા રહેનાર અજાણ રહેનાર કિંમતી રત્ન હાથમાં હોવા છતાં તેને મામુલી સમજે તેવો સમજ વગર છે.

સદ્‌ગુરુ જીવણદાસજી મહારાજની અત્યંત કૃપા પાત્ર કાંઠામંડળના ભક્તોની સમક્ષ કૃપાનાથ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે હાજર રહે છે. સંવેદન એટલે ભાવુક, સહૃદય, લાગણી આપણા પ્રત્યે ધરાવનાર સદ્‌ગુરુએ તેમનો સાક્ષાત્કાર કાંઠામંડળમાં કરેલો છે. આવા ધામ ફલુના ભક્ત ભાઈઓ તરફથી " શ્રી સંધ્યા આરતી " નું પ્રકાશન થઈ રહ્યું છે. આપણા સમાજમાં આરતી ભણવામાં આવે છે પણ આરતી ઉતારવામાં આવતી નથી. આરતી ઉતારવામાં ઘીનો દીવો સળગાવે છે પણ આપણે દીવો સળગાવીને આરતી ઉતારતા નથી. તેમજ

ઘંટનાદકે શંખનાદ કરતા નથી. આપણા માટે ભક્તિની રીત સમજાવતાં કૃષ્ણદાસ ને જીવણદાસજીએ સમજ પાડતાં કહ્યું છે.

પાકી સેવા પાક બનાવે, શિલા પ્રતિમાકું ભોગ લગાવે ॥
બાજે ઘંટા કરે ઠણકારા, રામ રહ્યા ઉનહુસે ન્યારા ॥ ૪૬૭ ॥

કૃષ્ણદાસની પરચરી

ઘંટ વગાડીને મૂર્તિને ભોગ ધરાવનારથી ભગવાન દૂર રહેલો છે. સદ્‌ગુરુ જીવણદાસજી મહારાજના આદર્શોનું પાલન થાય છે એવું આ જીવણદાસજીની ગાદીવાળું ફલુ ધામ છે. જો જીવણજીની પ્રણાલિકાનું પાલન ન થાય તો તો આ જીવણદાસજીની ગાદી નહીં પણ ફલુ ની ગાદી કહેવાય પણ આ ફલુ ગામે જીવણદાસજીને પ્રગટ પ્રત્યક્ષ હાજરાહજૂર ધારણ કર્યા છે અને જીવણદાસજીના ઉપદેશાનુસાર ભક્તિ કરીને સદ્‌ગુરુની કૃપાપાત્ર બની રહીને આદર્શ ભક્તના બિરદને ધારણ કરશે.

જહાં તહાંકે પાવને, ભજન તેજ ઘટ જાય ॥
સદ્‌ગુરુ લાજે પણ ઘટે, બુધ્ધિ ભ્રષ્ટ હો જાય ॥ ૩૭ ॥

કૃષ્ણદાસની પરચરી

અનન્ય ભક્તિમાં આનદેવની ઉપાસનામાં વળગી પડવાથી ઈષ્ટની ભક્તિનો પ્રભાવ ઘટી જાય છે અને સદ્‌ગુરુનું નામ લજવાય છે તથા આપણી બુદ્ધિ બગડી જાય છે.

ફલુના ઉત્સાહી ભક્તોને મારા શુભાશિષ પાઠવું છું

સ્વામી જગદીશ યદુનાથના

સાદર સપ્રેમ રામકબીર

ભવરોગના નિવારણ માટે જીવણજીએ કાતર ચલાવીને ૧૪ રોગોને કાપી નાખ્યા તે પ્રમાણે પ્રેમજીવનભાઈ કાતર ચલાવીને રોગોને કાપી રહ્યા છે તેમાં સહકાર આપશો. ડોક્ટરો પણ કાતર વાપરે છે માટે કાતર સિવાય ઓપરેશન થાય નહિ. કાતરતો સાધન છે કાપવાનું તો કષ્ટ છે. સમજુ વહાલા ભક્તો ઉપહાશમાં અવગણના ન કરશો એવી મારી નમ્ર અરજ સ્વીકારશો.

પ્રેમ ભાવભર્યા પ્રેમજીવનના

પિતા જગદીશના રામકબીર

શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ-ફલુ
મુ. પો. ફલુ, તા. વિજાપુર,
જિ. મહેસાણા. (ઉ.ગુ.)

## ॥ જીવણ ષષ્ટી ॥

રરંકાર છે રામનું નામ, સદ્ગુરુ કબીર નામનું રૂપ ॥
રામકબીર નામરૂપનો મેલ, ત્રિગુણાતીત નામરૂપ પરબ્રહ્મ ॥
જ્યાં કબીર ત્યાં રરંકાર, રરંકાર ત્યાં કબીર આધાર ॥
નિર્મલ ભક્તિ કબીર કરે, તે ઘટમાં હરિ સુખે રહે ॥
પરબ્રહ્મ રામકબીર નામ કહે, તુહી તુહી પુકારે રામ ॥
અનન્ય ઉદા જીવણ દાસ, રામકબીર ભયે પૂરણ કામ ॥
સદ્ગુરુ જીવણ સુંદર શ્યામ, ભક્તો જપો રામકબીર રામ ॥
જ્ઞાની કબીર શ્રી પદ્મનાભ, ગુરુ પરંપરા જીવણ શ્યામ ॥
ગુજરાત મોટી મધ્યે ગામ, ગાહેજ ગોરિયાદ છે રે નામ ॥
સંવત સોલસો સાઠની સાલ, શ્રાવણ સુદી દિન આઠમ ॥
એકાદશ વરસે પ્રગટ્યા શ્યામ, પ્રેમ ભક્તિમાં ગાવે રામ ॥
સોળ વરસના જીવણ થાય, કેસલુબે ગોપાલજીને ભેટી જાય ॥
સોળસો સત્યાસી આસો માસ, શરદનિશા ઓચ્છવની રાત ॥
મોરલી મનોહર નિશ્ચે થાય, આકાર નિરાકાર ભ્રાંત રે જાય ॥
દુષ્કાળ સત્યાસી ભીષણ જાણ, સદ્ગુરુ સંગે માલવા જાય ॥
ગુરુ શિષ્યમાં વિજોગ પડે, ગોપાલ ઉજ્જયનીમાં શરીર છોડે ॥
ફરતા ફરતા જગન્નાથ જાય, મોહોલ મંદિરમાં રાત્રિ રહે ॥
કાશી મગહર ભૂમિ જુવે, નીમખાર અયોધ્યા પ્રેમે રહે ॥
બદ્રિ કેદાર જવાળા નિરખે, પ્રેમ પુંજ તો જાણી હરખે ॥
કાલિંદી કદમ વૃંદાવન ધામ, બરેલીમાં કરે રાત્રી મુકામ ॥

નારણદાસનો સંશય ટાળે, અનન્ય ભક્તિનો ધર્મ દેખાડે ॥
પતિપત્નીના પરમેશ્વર એક રે જાણ, માલાતિલક ઈષ્ટ પ્રમાણ ॥
મોટા ગોપાલ ખેડીયા ગામ, સંત ગોપાલનાં સરે કામ ॥
વડસર સમીયાલા ઓચ્છવ થાય, હરિભાઈ ગોપાલ સંગે જાય ॥
સદ્‌ગુરુ વસે ત્યાં વસે ગામ, પ્રેમભક્તિનું શાહપુરા ધામ ॥
સંત સમાગમ અહર્નિશ થાય, ઉંદા ધરમનો ઉદય થાય ॥
પ્રેમ ભક્તિનો ખરો પ્રકાશ, તીરથ વ્રત છોડો ઉપવાસ ॥
આનદેવનું હવે શું કામ, અનન્ય ભક્તિમાં વસે રામ ॥
તીરથ વ્રત તું શાને આરાધે, પ્રેમ ભક્તિમાં જીવણ પધારે ॥
સદ્‌ગુરુ સમાગમ સૌનો સાર, શાસ્ત્ર પુરાણમાં ફાંફાં ન માર ॥
રામભક્તિમાં હઠાગ્રહ નવ થાય, વાલ પાપડીનું ખેતર લીલું થાય ॥
નામ રૂપનો મેલ પ્રમાણ, મોરલી મનોહર પરમેશ્વર જાણ ॥
અવતાર શ્વરીઈદ્ર માયા તરંગ, પળમાં થાયે એનો રે ભંગ ॥
રાજા પરબ્રહ્મ આવે ન જાય, સંત સમાગમ કરે સમજાય ॥
વેશ પહેરી નટવો જો આવે, ખેલ પ્રમાણે અભિનય લાવે ॥
વેશ ખેલ ને અભિનય ફોક, નટવો સાચો જાણે કોક ॥
સલીલ સાકુટ કંકર જાણ, બાંના વેશમાં હરિની શાન ॥
સુગરા નુગરા ભેદ પહેચાન, સુગરા સંગે રામ રહેમાન ॥
દેવી દેવની આશ શાને કરે, કર્મકાંડમાં ચોરાસી ભમતો ફરે ॥
રેવા તીરે મંગલેશ્વર ગામ, ભોજા ગુજર પામ્યો પરમ વિશ્રામ ॥

મથુરા મહી વેચવા જાય, શ્યામ સલોણાનું આલિંગન થાય ॥
પ્રેમ ભક્તિમાં દોષ વિચારે, કૃષ્ણ શાપે થાય ભૂત ॥
કૃપાનાથ જીવણ શ્યામ, દધીપાનથી નિવારે ભરમ ॥
ધનોરા ગામે સરોવર પાળ, સૂકો પીપળ લીલો થાય ॥
રતનસીંગ મુખીનું નામ, અપંગ હરમાબાનાં થાય કામ ॥
પ્રેમે પિતા દે દિકરીનાં દાન, હરમાબાનું સોંપે સુકાન ॥
પુનિયાદ વશ્યા જીવણ રામ, ભાવ ભક્તિનું થાયે ધામ ॥
ત્રિગુણ ધ્યાન કૃષ્ણદાસ કરે, ગણપતિ દર્શન આશા પૂરે ॥
સદ્‌ગુરુ રિઝ્યા જીવણ શ્યામ, નિજમાલાનાં પ્રેમે દે દાન ॥
ધના મંગળાનાં થાયે કામ, કાંઠા મંડળ વર્ત્યો જયજયકાર ॥
બાઈઓના કર્મ પ્રેમે નીવાર્યા, થાળ સવાપાંચનો કર્યો હુકમ ॥
ભીલાપુરમાં આવ્યું સ્વપ્ન, છ માસ વાયદાનાં કર્યા વિધાન ॥
જન્માષ્ટમી ઓચ્છવ પ્રેમે થાય, બાલ ગોપળની પૂરે આશ ॥
સંવત સત્તરસો આડત્રીસ સાલ, ભાદો શુકલ પાંચમી જાણ ॥
કૃપાનાથ જીવણનો સ્વધામ સમો, પ્રેમે બોલો રામકબીર ॥
ગુરુ સદ્‌ગુરુ એક રે જાણ, જીવણ શ્યામ પૂરણ કામ ॥
રામકબીરનું રૂપ રરંકાર, ભક્તિ દે કૃપા નિધાન ॥
શાહુચોર છે ઓમકાર, સાંસારમાં માયા રૂપે ફરે ॥
બાવન અક્ષરમાં ત્રિગુણી ઓમકાર, ત્રિલોકમાં ઉનકા વિસ્તાર ॥
ઉનથી ઉપરાંત રરંકાર બાવનની બહાર, સોપરબ્રહ્મ નામ આધાર ॥

॥ રામકબીર ॥

# ॥ અથશ્રી જીવણ ચાલીસા ॥

## ॥ દોહા ॥

સદ્ગુરુ જીવણ શામલો, જનકો દિયા ઉપદેશ ॥
આદ સનાતન કારણે, પ્રગટે જનકે વેશ ॥૧॥
કાશી મગહર કબીરજી, પાટણ તે પદ્મનાભ ॥
પુનિયાદ શાહપુરે જીવણજી, સમરે સીતારામ ॥૨॥

## ॥ ચૌપાઈ ॥

ગોરખ યોગી ભારી આસા, કબીર સામે થઈ નિરાસા ॥
વળતા ચતુર થયા તે જ્ઞાની, રામકબીર નામ પહેચાની ॥૧॥
કબીર વડમાં ડંકો વાગે, તત્ત્વા જીવાનો સંશય ભાગે ॥
રામકબીરનો સાદરે જાગે, કબીરજીના શબ્દો ગાજે ॥૨॥
સઘળું સ્થાપ્યું મોટા સાંજા, જ્ઞાની ભક્તિ ભાવના રાજા ॥
મડદામાં એ લાવે વાચા, નર્મદા ખસી ગયાં છે પાછા ॥૩॥
વીજળી વાદળ કડાકે જોર, પડી લીમડે જ્યાં જ્ઞાની ઘોર ॥
ડાળો ઝાલી ભેળી જોડ, નસનસ મીઠો થયો તે છોડ ॥૪॥
પરચા પૂરે જ્ઞાની અપાર, રામકબીરનું નામ છે સાર ॥
જીવંત સમાધી લીધી ધરા, શિષ્ય પદે સુખદેવ ખરા ॥૫॥
ભાગવતનો ભોળો ભક્ત, શુકલતીર્થમાં કરે છે વક્ત ॥
વદે સાદે ભક્તિ રંગ, રેલાયો ગોપાલદાસને સંગ ॥૬॥

ગોપાલદાસ જનક વિદેહી, ચોરંદે રહે છે સનેહી ॥
રામકબીરનું નામ છે પાસ, શા માટે થઈએ નિરાસ ॥૭॥
પડઘા પડે ધરતી ભોર, રોમાંચિત થઈ ચારે કોર ॥
આદ અવિનાશી પ્રગટ શ્રીરંગ, આડંબરનો કરસે ભંગ ॥ ૮ ॥
કરમસદમાં જન્મ થયો, બાળપણનો વખત ગયો ॥
અગિયાર વરસે આવ્યા બાળ, ગાહેજ ગોરિયાદ તળાવને પાળ ॥ ૯ ॥
કબીર ધર્મ ભાખ્યો છે તાજ, ભક્તિ રંગ વધે છે આજ ॥
કેસલુંબે ગોપાલ મળિયા, ભવોભવનાં દુઃખો ટળિયાં ॥૧૦॥
શાહપણે નવધાનું જોર, દશધાનું બતાવ્યું ખોર ॥
અલ્પમતિના જીવો ચોક્યા, આતે કોણ આવી પહોંચ્યા ॥૧૧॥
અલખધણીનું આ છે નૂર, ચોરંદે જાય છે સૂર ॥
ગુરુ ગોપાલદાસ પ્રમાણ્યા, મોરલી મનોહર ખરા તે જાણ્યા ॥૧૨॥
ચાર વરસનો વિત્યો કાળ, ભારે પડ્યો ભીષણ દુષ્કાળ ॥
અન્નજલ વગર થયા બેહાલ, વિચાર કર્યો માલવા ચાલ ॥૧૩॥
માલવા ભક્તોની સંગત, વિટંબવા સાંભળી ભગવંત ॥
ઉજ્જૈન તરફ જીવણ જાય, વિયોગ ગુરુથી ના સહેવાય ॥૧૪॥
ગુરુ ઉજ્જૈનમાં છોડે દેહ, જંગલમાં જીવણ અચેત ॥
જગન્નાથના મંદિર માંહિ, પ્રગટ થયા જગન્નાથ રે તાંહિ ॥૧૫॥
ઊંચી ધજા ઉદાની સ્થાપ, ભવભવના ફેરાને કાપ ॥
કંઈ ભજનમાં લાગ્યો રંગ, નગર કંપે મંદિરમાં સંત ॥૧૬॥
અવધ સરયુ સ્નાન કરે, નીમખાર બદ્રિનાથ ફરે ॥

એક પાગનો દેખ્યો લોક, કૈલાસ મધ્યે આવે કોક ॥૧૭॥
જોઈ જવાળા ચારે કોર, ભડભડ કર્મકાંડ નિત શોર ॥
કાનમ મંડલ શીતલતા ચાખ, કુંજ પક્ષી નજરમાં રાખ ॥૧૮॥
વળતાં બરેલી નારણદાસ, પૂર્યો મન તણો વિશ્વાસ ॥
કાશી મગહર કબીર ધામ, ગોકુળ મથુરા વૃંદાવન ઠામ ॥૧૯॥
રાધા વલ્લભી નારી હઠીલી, સંત પ્રતાપે થઈ ગઈ ઢીલી ॥
પતિપત્નીનો ધર્મ છે એક, નહિતો વલખાં મારે છેક ॥૨૦॥
જ્યતિ ઉજ્જૈન આલિંગન કરે, સંતો તમારા વગર ફરે ॥
કહી ભક્તો પાસે લઈ જાય, ત્યાંથી મારગ પકડે ભાઈ ॥૨૧॥
જીવણ કહે થાય શિથિલ શરીર, મને મૂકીને જાવ ધરી ધીર ॥
ભક્તો ઊંચકી જીવણ જાય, ચમકારે સીધું આવે ત્યાંય ॥૨૨॥
વડસર સમીયાલા ઓચ્છવ થાય, ગોપાલ હરિદાસ ત્યાં જાય ॥
સહુકોઈનો વિકાર સમાય, પ્રેમ ભક્તિમાં તે રંગાય ॥૨૩॥
શાહપરામાં આવે નાથ, સઘળા ભક્તોનો છે સાથ ॥
ઉદિત સૂરજમાં સ્થાપે પંથ, ધર્મ ધજા ફરકાવી બલવંત ॥૨૪॥
ચાર પદારથ સાથે રાખ, અધ્યારુના પદોને ચાખ ॥
અનન્ય વ્રત જીવનમાં રાખ, આરતીના પુણ્યો છે લાખ ॥૨૫॥
હરમાબાનાં પૂર્યાં હેત, આઠે અવતાં અંગ છે રેખ ॥
પીપળો લીલો કર્યો વિવેક, ભર્યું તળાવે જળ દેખ ॥૨૬॥
સવળાં અંગ સઘળાં થાય, હરમા જીવણ પત્ની બની જાય ॥
હવે સુણો ભોજાનો અંગ, ભૂત યોનીનો કરસે ભંગ ॥૨૭॥

મંગલેશ્વરમાં આવ્યો આજ, સામે સદ્‌ગુરુ જીવણ તાજ ।।
રામબાઈનું દુઃખ ગયું, ભોજાનું ભૂત હાજર થયું ।।૨૮।।
દધિ પ્રસાદ થી પાવન થાય, ભોજાગુજર સ્વધામે જાય ।।
કેશવદાસ સૂરત માંહિ, ભક્તો બનાવી રાજી થાય ।।૨૯।।
ગોપાલદાસનો સંશય ગયો, નરનારીનો ભેદ કહ્યો ।।
બાઈએ પછેડી ખેંચી રાત, શ્યામળિયો દેખ્યો છે નાથ ।।૩૦।।
વળતાં શાહપુરા ભક્તો જાય, ઓરીગોરી જતાં તરસ્યા થાય ।।
સૂકી ક્યારી જલ રેલાય, સહુ નિજ જન સંતોષે ભાઈ ।।૩૧।।
પુનિયાદે કૂવો ખોદાય, જીવ બચાવ્યા જીવણ ત્યાંય ।।
લીમડા ડાળ મીઠી થાય, જીવણ પુનિયાદ વાસે જાય ।।૩૨।।
કૃષ્ણદાસ રીઝવે ગણેશ, પ્રગટ થયા સાક્ષાત્ વેશ ।।
પુનિયાદ ભાગોળે સ્થિર, શિષ્ય થયા કૃષ્ણદાસ વીર ।।૩૩।।
દ્વારિકાએ ચાલ્યો સંઘ, દૂધરેજ બદલ્યો જલનો રંગ ।।
રાબ કરીને સહુ કોઈ ખાય, જલનું જલનું તે દૂધ થઈ જાય ।।૩૪।।
જાંબુડાને આપ્યું વચન, આવ્યા "પાટડી બજાણું" જન ।।
રાત્રે પધારે શ્રીરણછોડ, પૂર્યા શ્રીજીવણના કોડ ।।૩૫।।
ભીલાપુરમાં ઓચ્છવ થાય, થુવાવીથી નારી જાય ।।
ભરી પૂરથી ઢાઢર માય, વણ ભીજે ઊપર ચાલી જાય ।।૩૬।।
રાત્રે વૈષ્ણવ આવ્યા બે સાથ, હાથ છડી ભૂખરા વાળ છે માથ ।।
તમારી ત્યાં તો વાટ જોવાય, "છ" માસનો વાયદો થાય ।।૩૭।।
વળતાં પુનિયાદ ફરી વાર, ગોકુળ આઠમનો તહેવાર ।।

કંઈ ઉજવે આઠમ અપાર, સઘળા વૈષ્ણવ આવ્યા સાર ॥૩૮॥
ગોકુળ અષ્ટમી મધ્યાહ્ને કાલ, મધ્ય સભા ઓસ્છવને તાલ ॥
જીવન છોડે દેહનું નૂર, ભક્તો પર આવ્યું દુઃખનું પૂર ॥૩૯॥
તુલસી ક્યારો બાંધ્યો સ્થાન, દહન થયું જ્યાં શરીર જાન ॥
સાદ અમર થયો "રામકબીર", આશિષ આપો જીવણ શિર ॥૪૦॥

## ॥ દોહા ॥

જીવણ ચાલીસા પઢે, સુણે જગતમાં કોઈ ॥
ભગવદ્ ભક્તિ પામસે, ભવના ફેરા ખોઈ ॥ ૩ ॥

*॥ रामकबीर ॥*

*॥ प्रेम - भक्ति - प्रकाश ॥*

# સંધ્યા આરતી
# માલગોડીનાં કિર્તન

૧

આવે આવે રે ગોવાળિયાની સંગે રમતો,
સંગે રમતો મારે મન ગમતો
વહાલો ફૂલનો તો તોરો મેહેલ્યો મન ગમતો.....ટેક
ફૂલની રે પહોંચીને ફૂલનો રે હાર
વહાલો દડુલો દોટાવતો આવે નંદલાલ.....આવે
જે નર જાણે તમારી સાર
મહેતા નરસૈંયા ચા સ્વામીની જાઉં બલિહાર.....આવે આવે

૨

ચાલો ચાલો બે'ની જોવા જઈએ નવલો નંદ
રમે રમે રે વંદ્રાવન ગોપીને ગોવિંદ.....ટેક
હસીને અબોલા લે મ્હારો નાથ,
વહાલો તાલી તે લે પેલી ગોવાલનીને હાથ.....ચાલો ચાલો
એ રે કહાનુડાસુ લાગ્યું મહારું ધ્યાન
વહાલો જેટલી તે ગોપીઓ તેટલા છે કહાન.....ચાલો ચાલો
વહાલે મનોહર વાહ્યો વંશ,
વહાલો માન સરોવર નોહેલા હંસ.....ચાલો ચાલો

નરસૈંયાચા સ્વામી સુંદર શ્યામ,
વહાલે અવિચલ કીધાં શ્રી ગોકુલ ગામ.....ચાલો ચાલો

૩

તમો મહારે ઘેર નાથજી સેં ના આવ્યા,
સેં ના આવ્યા રે તમો સેં ના આવ્યા.....તમો.....
કુમકુમે પીરુ તમારા પાય,
તમે મારે ઘેર આવો શ્રી જાદવરાય.....તમો.....
શેરી વરાવી પથરાવું ફૂલ
હરિના પંથિડા નિહાલું નયને ઘાલું નીર.....તમો.....
કનક કચોલામાં કઢીયેલા દૂધ
માંહે ભેરૂ ભેરૂ સાકર માંહી કપૂર.....તમો.....
ખટરસ ભોજન કીધેલાં સાર
મહારા પ્રભુજી આરોગો વારંવાર.....તમો.....
નરસૈંયા ચા સ્વામી દીન દયાલ
વહાલો ભક્ત વત્સલ કેરા પ્રતિપાલ.....તમો.....

૪

તમો મારે ઘેર આવો રે શામળિયા,
હું તો વારી જાઉં રે પાતળિયા.....ટેક.....
તમો દીઠડે સુખ પામે મારી દેહ,
વહાલો પ્રીત કરી નવ દેજો છેહ.....તમો.....
વાત કરતાં લાગી વડી વાર,

આવડા મોંઘા શું થાવ છો નંદ કુમાર.....તમો.....
શિર સોહે હરિને રાતી પાઘ,
હરિના રંગ તણો બહુ ઝાકમ ઝોળ.....તમો.....
ભોળે ભાવે મુને ભેટેલા કહાન,
મહેતા નરસૈયાચા સ્વામી છે. રૂપનિધાન.....તમો.....

૫

સંતો અમો રે વહેવારિયા શ્રી રામનામના,
વહેપારી આવે મહારે ગામ ગામના.....ટેક.....
અમારું વસાણું સહુ કોઈને ભાવે,
સંતો અઢારે વરણ સહુ વહોરવાને આવે.....સંતો.....
અમારા વહેપારમાં ના આવે ખોટ,
સંતો ઘરે બેઠા પ્રણીયા તું બ્રિજમાં લોટ.....સંતો.....
રામનામ ધન મારે વાજે ને ગાજે,
સંતો છપ્પન ઉપર ભેર ભૂંગળો વાગે.....સંતો.....
એ ધન કાલ દુકાળે ન ખૂટે,
સંતો રાજા ના દંડે ચોર ના લૂંટે.....સંતો.....
લાખનાં તો લેખાં નહિ ને પાર વિનાની પૂંજી,
વહોરવું હોય તો વહોરી લેજો કસ્તૂરી છે સોંઘી.....સંતો.....
આવરોને ખાતાવહીમાં લક્ષ્મીવરનું નામ,
ચિઠ્ઠીમાં તો ચતુર્ભુજ લખીયા નરસૈયાનું કામ.....સંતો.....
નારાયણે દયા કરી લખેશરી થાપ્યા,

મહેતા નરસૈયાચા સ્વામીયે રૂડા જશ આપ્યા.....સંતો.....

અથશ્રી રાગ સંધ્યાગોડીનાં કીર્તન

## સાખી

બનથે બની આવત સખી, મોહન મદન ગોપાલ
મોર મુગટ લખી યોં રહી, કમલ ફિરાવત લાલ

## સંધ્યા આરતી - ૬

શ્રી ગુરુને પાયે લાગું, પરથમ પહેલો શ્રી ગુરુને પાયે લાગું,
કરો રે કિરપા ગુરુજી ગોવિંદ ગાઈએ, બીજું કાંઈના માગું...ટેક
ધો ઉપદેશ સદા સુખકારી, જેણે મન નિરમલ થાયે,
કામ, ક્રોધ, લોભ, મોહ, મમતા, વિકાર સઘલો જાયે...પરથમ
સંતની સંગત સદા ગુરુ સેવા, ઔર સકલ ભ્રમણા ત્યાગી,
જન્મ મરણ ઔર આવાગવન રહિત, હરિ ચરણે અનુરાગી...પરથમ
અનહદ શબ્દ સહેજ ધુનિ ઉપજે, ચરણ કમલ નિજ વાસા,
ચાર પદારથ દીયો ગુરુ મેરે, ગાવત જન રોહિદાસા...પરથમ

૭

રૂમઝૂમ રૂમઝૂમ ગોવિંદ આવે,
હરિ હરિ હાથ વેણ મુખ મોરલી બજાવે,
દેવકી કે આંગણામાં તુલસીકો બડવો,
હરિ જશોમતિ આંગણામાં ખેલો પ્યારે લલના
દૂર ખેલન જીવ જાવરે ઢોટા વિના,

હરિ સાંજ પડેને ઘેર આવો પ્યારે લલના,
જમુના કે નીર તીરે ઘેન ચરાવે,
હરિ ગૌધનકી રે સંગ નિરખત આવે,
કહેત કબીર મેરો રોવન સો ગાવના,
હરિ તીન લોક રમી રહ્યો રે ઢોટા વિના,
રૂમઝૂમ રૂમઝૂમ ગોવિંદ આવે.

૮

ગૌ ચારીને ઘેર આવે વાહલોજી મહારો ગૌ ચારીને ઘેર આવે
પીંડારો પરવરીયો મોહન, મધુરસી મોરલી બજાવે...ટેક...
ગુંજા રે ફળનો હાર મનોહર, મોર મુગટ શિર સોહે,
શ્યામ તણી સુંદિરતા જોઈને, બ્રિજ નારીના મન મોહે...વહાલો
અગર ચંદનના છાંટણાં છંટાવું, મોતીડે ચોક પુરાવું,
નરસૈયાચા સ્વામી મારે મંદિરે પધારો,
આણી શેરીયે ફૂલ પથરાવું...વહાલો.

૯

વાટ જુએ બ્રિજનારી વહાલા તારી, વાટ જુએ બ્રિજનારી,
ઘેલી થઈ ગોવિંદ તમો વિના, વહેલા આવે વનમાળી...ટેક
કંચન થાળ ભરી મુક્તા ફળ, ગોપી રહ્યાં છે ઠાડી
ઓ પેલા આવે વનમાળી, વનમાંથી ગૌધન ચારી...વહાલા
અસુર થયુંને ભાણ જ આથમ્યો, ના આવ્યા કુંજ બિહારી,
સુંદર મુખ જોવાને કાજે, ઊભાં છે રાધે પ્યારે...વહાલા

મોરપિચ્છ શિર મુગટ બિરાજે, શામરીસીમૂરત સારી,
નરસૈયાના સ્વામી મારે મંદિરે પધારો,
હેતે જાઉં બલિહારી...વહાલા...

૧૦

કાહે ન મંગલ ગાવે, જશોદા મૈયા કાહે ન મંગલ ગાવે,
પૂરણ બ્રહ્મ અકલ અવિનાશી, સો તેરી ધેનું ચરાવે...ટેક
કોટ હી કોટ બ્રહ્માંડનો કરતા, જપ, તપ, ધ્યાન ન આવે,
ન જાણ્યું એ કૌન પુન્ય સેં, જશોદાજી ગોદ ખેલાવે...જશોદા
બ્રહ્માદિક ઈન્દ્રાદિક શંકર નિગમ નેતિ કરી ગાવે,
શેષ સહસ્ર મુખ રટત નિરંતર, સો વાકો પાર ન પાવે...જશોદા
સુંદર વદન કમલદલ લોચન, ગૌધન કે સંગ આવે,
આરતી કરત જશોદા મૈયા, સુરદાસ બલબલ જાઉં...જશોદા

૧૧

હરિ ગાવાની ટેવ પડી, બાઈ મુને હરિ ગાવાની ટેવ પડી,
વિંધાયેલું મન અળગું ના જાયે, સાચી શામળિયાસું પ્રીત...ટેક
આખા દિવસનો હું રળીખપીને આયો, ભાભીએ ના મેલ્યું પાણી,
મેં જાણ્યું જે વેરણ મોરી, ભાભી નોય ગોરાણી...બાઈ મુને
નામદેવજીનું જેણે છાપરું છાયું, કબીરજીની અવિચલ વાણી,
એવું જાણીને હું તો રોષે ભરાણો, છબીલોજી મૂકશે મને પાણી...બાઈ
ધન વૃંદાવન ધન જમુના તટ, ધન રાધા રૂક્ષ્મણી રાણી,
ધનધન નરસૈયા તારી જીભલડી, જપી રે છબીલાજીની વાણી...બાઈ

# અથશ્રી આરતી - ૧૨

પરબ્રહ્મ પદ્મનાભ પુરુષોત્તમ પેઢે નહિ એ,
હરિ અવિગત ગોવિંદ ચંત, સાર કરો શ્રીપતિ ધણી એ. ૧
હરિ ચતુર્ભુજ શ્યામલ વરણ, સારંગધર સોહામણો એ,
હરિ રૂઅડલો વૈકુંઠરાય, દુષ્કૃત હરણ દામોદરો એ. ૨
હરિ નિરંજન નિરાકાર, નિષ્કલંક પુરુષ આરાહીએ એ,
હરિ ગાઈએ દ્વારકારાય, શ્યામલ વરણ સોહામણો એ. ૩
હરિ સેવો સમરથ સાર, પાર જેહનો કોઈ નવ લહે એ,
હરિ સોઈએ છે અવિનાશ, વાસ આપે વૈકુંઠનો ધણી એ. ૪
હરિ માધવ મુકુંદ મોરાર, મહાવદેવ સોહામણો એ,
હરિ ભક્તિ મુક્તિ દાતાર, નારાયણ છે નિરમલો એ. ૫
સદા સારંગધર સુવિચાર, પાર લો કહાનૈયો આત્મા એ,
ઔ આ વેગ મલાયેસ વાર, તારને ત્રિભુવન ટલવલે એ. ૬
જીવડો મોહ્યો છે કલ્પના માંહે, કલિ કાલે જીવ ઝંપિયો એ,
હરિ વિના ના લહે કેમ રે ઉસાસ, સાસદો સ્વામી સારંગધર એ. ૭
સદા વૈષ્ણવ મનરે ઉછાહ, આનંદ અંગે ઉલટ એ,
ભલે આવિયા પરબ્રહ્મરાય વહાલું વૈષ્ણવજનમાં પરવર્યું એ. ૮
હરિનો વરત્યો જય જય કાર, સાર બોલ હવે સુમધુરં એ,
હરિનો આવ્યો રે મન વિશ્વાસ, પાશ છૂટ્યા ચોહો ખાણના એ. ૯
બાપ ઘેર ઘેર વૈકુંઠ વાસ, દાસ તમારા વિનવે એ,
ભલે આવિયા પરબ્રહ્મરાય, સમરથ ધણીને સંતે સેવીઆ એ. ૧૦

## આરતી - ૧૩

આરતી બંદી છોડ સમરથકી, પાવન નામ મુગત હોય જીવકી,
પાવન આરતી કર પૃથવી પાવ ધારા, સતજુગમાં સત શબ્દ પ્રકાશા. ૧
આરતી કરજુગ પ્રગટે આઈ, ત્રેતા રઘુપતિ નામ ધરાવે,
આરતી કરમુખે મંગલ ગાવે, દ્વાપરમેં કૃષ્ણનામ ધરાવે. ૨
આરતી કર કર બંધી રે આશા, કલજુગ માંહે કબીર પ્રકાશા,
ચાર રે યુગ ધરો એક શરીરા, આરતી ગાવે હો દાસ કબીરા. 3

## આરતી - ૧૪

આનંદ આરતી હરખ અપારા, હરિજન આયે મેરે પ્રાણ આધારા.
સંતો દર્શન મેરે ત્રણ તાપ નિવારે, જન્મ મરણ ભવ સાગર તારે.
શાકપાક મલી ભોજન પાવો, સંત સંગત મલી હરિના ગુણ ગાવો.
ઘેર ઘેર મંગલ હોત બધાઈ, જન જીવણ તહાં બલ બલ જાઈ.
આનંદ આરતી હરખ અપારા, હરિજન આયે મેરે પ્રાણ આધારા.

પ્રણામ કરવા, રામકબીર, રામકબીર, રામકબીર,
રામકબીરના ૧૦૮ વાર બોલવા.

## અથશ્રી રામ મંજરી - ૧૫

જય જય શ્રી રામ સુમરો રામ ધન સાચો,
રામ હી જનકો આગે વાંચો.....ટે
રામ હી ગાવો રામ હી ગાવો, રામ સનેહી નિજ મત લાવો. ૧
રામ હી સેવા રામ હી પૂજા, રામ સમાન દેવ નહીં દૂજા. ૨

રામ ભક્તિ મુક્તિ કે દાતા, રામ લક્ષ્મણ ભક્તનકે ત્રાતા. ૩
ભરત શત્રુઘ્ન લષ્મણભાઈ, રઘુપતિ મહિમા કહ્યો ન જાઈ. ૪
રામનામ ધન અનંત અપારા, રામનામ શિવ રુદિયે ધાર્યા. ૫
રામનામ પૂરણ અવિનાશી, રામ કહેતા જમ કાટે ફાંસી. ૬
રામ કહેનકી બહોત બડાઈ, રામનામ સંતન સુખ દાઈ. ૭
રામ ચરણ રુદિયે રાખો, રસના નામ રસાયણ ચાખો. ૮
રામહી માતા પિતા કુલ દેવા, રામ હી સુમરણ રામ હી સેવા. ૯
રામનામ તો સબસે ન્યારા, રામ નિરંજન જ્યોત અપારા. ૧૦
રામહી સંતન માંહી બિરાજે, રામ અવધ પુરીમાં ગાજે. ૧૧
રામહી સાયર સેતુ બંધાયો, રામે જાકર બંધ છોડાયો. ૧૨
ભક્ત હેત કે કારજ કીનો, ધનુષ બાણ કર સારંગ લીનો. ૧૩
રામે પૃથ્વીકો ભાર ઉતાર્યો, અપનો કારજ આપ સમાર્યો. ૧૪
દશ શિર છેદ સીતા લે આયે, રામચંન્દ્ર સાધુ મન ભાયે. ૧૫
સીતા રામ કી કીરતિ ગાવો, સીતા રામકુ શીશ નમાવો. ૧૬
સીતા રામ કે દર્શન આયે, લંકા રાજ વિભિષણ પાયે. ૧૭
રામનામ પ્રેમે સુ ગાવે, બહોર યોની સંકષ્ટ ન આવે. ૧૮
રામ હી સખા રામ હી સાથી, રામનામ લઈ ઓધાર્યો હાથી. ૧૯
રામે જન પ્રહ્લાદ ઉગાર્યો, રામે તો હરણાકંસ માર્યો. ૨૦
રામહી દાસ કબીર ઓધાર્યો, રામે દ્રોપદીકો કારજ સાર્યો. ૨૧
પીપા નામે સાયર પીનો, પરશુરામ તો નામે જીવ્યો. ૨૨
નાદેવ નામ હી ગાયો, ત્રિલોચન ઘેર નામે આયો. ૨૩

રાંકા વાંકા રામાનંદ, પાચે પૂરણ પરમાનંદ. ૨૪
ધના સેની રોહિદાસ બિચારા, રામહી જીવન રામ આધારા. ૨૫
જયદેવ પ્રેમાનંદ સુરદાસા, અનંત કોટી રામજીકે દાસા. ૨૬
આદ અંત મધ્ય રામ જ હોઈ, રામનામ ચિત્ત રાખો પ્રોઈ. ૨૭
રામ મંજરી રામજીકી માલા, રામ કૃપા લો દીન દયાલા. ૨૮
રાધો ચેતન જીવન રામ, સંત જનોકે પૂરણ કામ. ૨૯

## સાખી - ૧૬

રામનામ ધન સાચ લિયો, પ્રહ્લાદ કીનો સહાય,
રાધો ચેતન ચું કહે, સંત ભવસાગર તરી જાય..............૧
કથા કીર્તન રામ ધન, સંતન માંહી કરે પ્રવેશ,
રાધો ચેતન ચું કહે, સોહિ ઉત્તમ દેશ........................૨
રામ મંજરી નિત પઢે, મંજન હોત શરીર,
રાધો ચેતન ચું કહે, સંત હિરદે વસો રઘુવીર..................3

## સાખી - ૧૭

શ્રી ગોકુલ મથુરા દ્વારકા, જ્યાં કુબે માંડ્યો હાટ,
જ્યાં જ્યાં કરે બિછાવણા, જુએ હરિ ભક્તનકી વાટ ૧
સીમળ સુધા શામળ સેવિયા, સેવ્યા બારે માસ,
ઋતુ આવે ફળ ચાખીએ, ચાલો પંખી રળિયાત ૨
ગોડી વેળા વહી ગઈ, અસ્ત થયો રવિ ભાણ,
બાકી છે. ઘડી દો ઘડી, જબ પ્રગટ્યો રાગ કલ્યાણ 3
કલ્યાણ કલ્યાણ સબકો કહે, અકલ્યાણ ન કહે કોઈ,

## આરતી - ૧૮

શ્રી રામચન્દ્ર કૃપાલુ ભજમન, હરન ભવભય દારુણમ્
નવકંજલોચન કંજમુખ, કરકંજ પદકંજારુણમ્... શ્રીરામ
કંદર્પ અગણિત અમિત છબિ, નવનીલ નિરસુંદરમ્
પટપીત માનહુ તડિત રુચિશુચિ, નૌમિ જનક સુતાવરમ્...શ્રીરામ
શિર મુકુટ કુંડળ તિલક ચારુ, ઉદાર અંગ વિભૂષણમ્
આજાન ભુજ શરચાપ ધર, સંગ્રામજીત ખર દૂષણમ્... શ્રીરામ
ભજ દિનબંધુ દિનેશ દાનવ, દલન દુષ્ટ નિકંદનમ્
રઘુનંદ આનંદકંદ, કૌશલચંદ દશરથ નંદનમ્... શ્રીરામ
ઈતિ વદતિ તુલસીદાસ, શંકર શેષ મુનિ મનરંજનમ્
મમ હૃદયકંજ નિવાસ કુરુ, કામાદિ ખલદલગંજનમ્... શ્રીરામ

## આરતી - ૧૯

અવતરી સુખ કૈસે માગે રે, આગે તું વેરીને હાથ,
વિષયા ન મૂકે રે અદક્ષણ મરણ પલે નિત સાથ.
વણસંતા સુખ મધ્યે અંધુરે બાંધુ પડું છે વિલાણ,
મૂઢ પણે નથી ચેતતુ, દુઃખ સહસી નિરવાણ.
સૃષ્ટિ જ પહેલો રે તુહજ, તું હરિ સરજન હાર,
ગરૂઓ તે સમરથ તુહજ, તું હરિ દયાનો ભંડાર.
સેવક જનને દયાલ તું, કાલ તું ભગત વિહીન,
કર્મ ઈન્દ્રી વશ દૂહવું, તું હવે છોડવ દીન.

કૃષ્ણ ગોવિંદ મુરારી તું, પાર લે આત્મા એહ,
હરિ પુરુષોત્તમ પરબ્રહ્મ, વિષ્ણુ નારાયણ જેહ.
જલધર શ્યામ પિતાંબર, સુંદર મૂરત અનંત,
કમલનયન કમલાનન ધનપતિ તનયા કંત.
વેર ભાવે જે અવતર્યા, સારિયાં તેહ તણાં કામ,
ભક્તિ ભાવે જે અનુસર્યા લે હવે નિશ્ચલ ઠામ.
નિરમલ અકલ અનોપમ, ઉપમા કહી નવ જાય,
જગતપતિ પરમેશ્વર, ઈશ્વર અહર્નિશ ધાય.

## શ્રી કૃષ્ણચંન્દ્ર આરતી - ૨૦

ઉતારો આરતી શ્રી કૃષ્ણ ઘેર આવ્યા,
માતા જશોદા કુંવર કહાન ઘેર આવ્યા.
હરખને હુલામણે શામળિયો ઘેર આવ્યા,
ઝીણે ઝીણે ચોખલીયેને મોતીડે વધાવ્યા રે...ટેક...
ઘાઈને ધનવંતા કીધો, વેગે કરી શરણે લીધો,
જળમાં મારી તોરંગ પરણ્યા,
જય જયકાર બોલાવ્યો રે...ઉતારો...
કુરમ રૂપે કરણી કીધી, સઘળી પૃથ્વી જીતી લીધી,
નાગ તેતરે મંથન કરીને,
ચૌદ રતન લાવ્યા રે...ઉતારો...
વરાહ રૂપે દૈત્ય સંહાર્યો, ભક્ત જનોના ફેરા ટાળ્યા,
હોમન દાસી ચરણમાં રાખી,

નામે વૈકુંઠ પામ્યા રે...ઉતારો...
નરસિંહ રૂપે નખહરિ વધાર્યા, આપે તો હરણાકંસ માર્યો,
પ્રહ્લાદને પોતાનો જાણી, અગ્નીમાંથી ઉગાર્યો રે...ઉતારો...
કાલાને કુબરડા કીધાં, વાદીના મનવંતા કીધાં,
વામનજીનું રૂપ ધરીને, બલિરાજા બોલાવ્યા રે...ઉતારો...
પરશુરામે ફરસી ફેરવી, સહસ્ત્રાર્જુનને હાથે માર્યો,
કામધેનુની વહાર કીધી, જલદેવને ઉગાર્યો રે...ઉતારો...
સાતમે તો શાન કીધી, સમુદ્ર ઉપર પાર બાંધી,
ગઢ લંકાનો કોઠો તોડ્યો, મહાદેવને હરદેવને સોંપ્યા,
સાવ સોનાની લંકા બાળી, દશ માથાનો રાવણ માર્યો,
વિભીષણને રાજ આપી, સીતા વારી લાવ્યા રે...ઉતારો...
આઠમે તો આણ કીધી, સોના ઘેડી ખાંધે લીધી,
પાતાળ જઈને નાગ નાથ્યો, નાગણીને દર્શન દીધાં,
નાગનું તો દમન કરીને, કમળ ભારો લાવ્યા રે...ઉતારો...
નવમેં બુધ્ધ રૂપ ધરીને, અંજપાના જાપ જપીને,
રેરંકારમાં રસિયા રહીને, સૌ ભક્તોને તાર્યા રે...ઉતારો...
દસમે તો દયા કીધી, નામ કલંકી રૂપ ધરીને,
જગને જીતી આવ્યા એમ, નરસિંહ મહેતે ગાયા રે...ઉતારો...

## ॥ ઈતિ શ્રી સંધ્યા આરતી સંપૂર્ણ ॥

# સમયોચીત

## રામકબીર

## જીવણજી મહારાનું શરણું - ૨૧

જીવણજી મહારાજ માગું શરણું તમારું,
શરણું તમારું રામા શરણું તમારું,
કૃષ્ણદાસને ભક્તિ આપી, સર્વ ભક્તોની કષ્ટિ કાપી...જીવણજી
ભોજા ગુર્જરનો ઉદ્ધાર કીધો, કેશવદાસને શરણે લીધો,
ગુરુ સંગાથે યાત્રા મિષે, મારવાડને ઉગાર્યો...જીવણજી...
કૃષ્ણ કેશવને નિમિત્ત કરીને, કાંઠો સુરત તાર્યો,
પદ્મનાભ જ્ઞાનીજી દાદા, શુકદેવજી ગોપાલ,
જીવણજીએ કૃપા કરીને, ઉગાર્યા સહુ બાળ...જીવણજી...
રામકબીરની દૃઢ નૌકામાં, જીવણજી બેસાડે,
કૃપા કરીને કબીર કૃપાળુ, ભવસાગર ઉતારે...જીવણજી...
જીવણજીના બાળ ગોપાળો, રામકબીર ઉચારો,
ભવસાગરથી તરવાનો આ, સુંદર છે બહુ આરો...જીવણજી...
અનન્ય ભક્તિને નામ નિષ્ઠાને, સંત સંગતને ધારો,
અવિશ્વાસને દુષિત ભોજન, સલીલ સંગને ટાળો...જીવણજી...
નિઃશંક હોઈને ભજન કરો તો, નામ ફળે તત્કાળ,
મુજ પાપીને શરણે લીધો, એવા દિન દયાળુ...જીવણજી...
સદ્ગુરુ જીવણ છો નિજ નામ, જીવણ કૃષ્ણ જીવણ રામ,

સદ્‌ગુરુ જીવણ છો નિજ નામ, જીવણ કબીર જીવણ રામ,
હરમાબા પર કૃપા કરીને, કાનમ પાલ ઉગારી...જીવણજી...
જીવણ, શ્યામને દ્વારકાધામ, રાઘવ, વસંતને નરસિંહદાસ,
ભગવાન રઘુનાથને શ્રી જગન્નાથ, જગદીશચંદ્ર તે સુત યદુનાથ,
જગદીશચંદ્રના પ્રેમજીવનદાસ, દ્વાદશ પેઢી પ્રેમજીવનદાસ
એ છે જીવણજીનો પરિવાર, ગુરુ પરંપરાનો વિસ્તાર,
ગુરુ પરંપરા જે જન ગાય, તે જનનું જીવણ પાવન થાય,
ગુરુ પરંપરા જે નિત્ય ગાય, ઈષ્ટ કૃપા તે જન પર થાય,
અહર્નિશ સુમરણ જે જન કરે, યમસદનથી તે જન ટળે,
હરમાબા પર કૃપા કરીને, કાનમ પાલ ઉગારી...જીવણજી...
શરણાગતને શરણું આપે, ભક્ત વત્સદ ભગવાન રે,
પાપીઓના પાપ કાપે, કાપે એ અજ્ઞાન રે,
એક વખત અંતરથી બોલો, નાથ હું તમારો રે,
દોડીને દરવાજો ખોલે એવા દીન દયાળુ રે,
આંધળાને આંખ આપે, પાંગળાને પાંખ રે,
ઉતાવળથી ઉડવા માટે, ભક્તિ રૂપી પાંખ રે,
પ્રતિજ્ઞાએ પૂરણ કીધાં, આપે અભયદાન રે,
જગદીશ મહારાજ પ્રેમ પરવાથી, ગાતા અઠ્ઠાવીસ ગાન રે,
સર્વે ભક્તો ભેગા મળીને ગાતા મીઠા ગાન રે...જીવણજી...

॥ ઈતિ શ્રી શરણું ॥

## ॥ વાણી ॥ - ૨૩

પરબ્રહ્મ વાણી રે પરણી એ । બ્રહ્માંડ જય જયકાર રે
ચાર ખાણ હવી નિર્મલી । ભાગ્યો મોહ સંસાર રે
લેખાં તે વાલ્યાં રે જમ તણાં । ઊઠીયા નરક વહેપાર રે
બંધન છૂટ્યાં રે જીવનાં । સહુ મુગતુ હોએ આ વાર રે
મુક્તા સૌ સ્થાવર જંગમ । મુક્તા સુર નર નાગ રે
મુક્તા સપ્ત ઋઋષિ નવગ્રહે । મુક્તા મુનિવર જાગ રે
હરિહર બ્રહ્મા આનંદિયા । ઘેરઘેર ઓચ્છવ હોય રે
ઊલટ હોય રે અતિ ઘણો । ગાઈસું વાણીનો નાહો રે
ઘેરઘેર ગૂડીઓ ઉછલે । તરિયા તોરણ બાર રે
બ્રહ્માંડ ફૂલ ફગર ભર્યાં । છએ રત હર્ષ ઘરે જો રે
દેવચંદન હોય છાંટણાં । હરખીયા બારે જ મેઘ રે
શંખ પંચાયણ પૂરીઓ । ભુવન ગાગ્યો નિર નિરઘોષ રે
લક્ષ્મીનાથ નારાયણ । અતિ હરખ્યા મન મન માંહે રે
શંકર તાણ્ડવ નાચીઓ । વ્યાપીયો ભુવન વિસ્તાર રે
મુગટ વછૂટી રે ગંગા । સલકીઓ વાસુકિ નાગ રે
સહસ્ર અઠાસી રે સરસા । બ્રહ્મા વેદ ભણે જો રે
જહાં લગી હતો કુંવારડો । પરબ્રહ્મ વાણીનો ભરથાર રે
તહાં લગી સંકષ્ટ બંધન । સુખ નહિ એક એક વાર રે

સુખીઆં તે સીઅલ બ્રહ્માંડ હવાં । હવે પરણ્યા જોગે જગન્નાથ રે
આનંદ પરમાનંદ હવો । ભાગ્યાં સંકુષ્ટ મહા દુઃખ રે
દુઃખ તે ભાગ્યાં રે દોહેલાં । આતમા નિરમલ હવો રે
રૂપ તે લખ ચોરાસીનાં । ઓડવલાં સર્વે સર્વે ભાગ્યાં રે
ભાગી ત્રિભુવન કલ્પના । એક જ હવો આનંદ રે
જય પરમાત્મા પરબ્રહ્મ । જય જય જુગદાધાર રે
બ્રહ્માંડ કોડ છે ઘોડલી । ઘેર ઘેર મંગલ ચાર રે
નહિ દિન રાત ન વેલા । નહિ પલ જુગ કલ કલ્પાંત રે
ક્ષુધા તુષા નહિ નિદ્રા ચિંતા । નહીં ઘર ઘર ધંધો રે
સચરાચર સહુ તૃપતું । સુખ પરમાનંદ હર્ષા રે
અવર કાંઈ નવ જોઈએ । ગોતાં સહુકોનાં ભાગ્યાં રે
રાજાજી બેઠા છે પરબ્રહ્મ । આગલ સંતો માનીતા રે
અવર સર્વે ગુણે જપ કરો । ચતુર્ભુજ રૂપ ધરે જો રે
અવર મુખે નહિ બોલવું । કેવલ રામ જપજો રે
જન્મ જરા મૃત ભય નહિ । અવર નહિ કશું કશું કાજ રે
એકજ તું અવનીશ્વર । આનંદિયા સર્વે સર્વે સંતો રે

॥ ઈતિ વાણી સંપૂર્ણ ॥

# ॥ અથ શ્રી વિનતી ॥ ૨ ॥

આદિ અનાદિ એક તું । સ્વામી માહરા ॥ આદી ॥
નિરંજન નિરાકાર । હરિહર બ્રહ્મા તે હવા ॥
સ્વામી તું છે અપાર ॥ પાયે લાગી કરું વિનતી ॥ ૧ ॥
તાહરો પાર કોઈ નવ લહે ॥ સ્વામી ॥ પરબ્રહ્મ અવિધાર ॥
તું સરખો કર તાહેરો । માયા રહિત સંસાર ॥ પાયે ॥ ૨ ॥
આપણપુ તે ગોપવું ॥ સ્વામી ॥ વાહ્યો સિયલ સંસાર ॥
જાગ દાન અધ્યાત્મ । નથી ગર્ભનો પાર ॥ પાયે ॥ ૩ ॥
ભુવન રલો એ આતમા ॥ સ્વામી ॥ તું ન જાણે સાર ॥
ધણી વિહોણો મારિયો । ચહુ ખાણ મોઝાર ॥ પાયે ॥ ૪ ॥
બ્રહ્માદિક શિવ આતમા ॥ સ્વામી ॥ જે ધરે રે શરીર ॥
કંઈ મોટો કંઈ નાનડો । સ્વામી અકલ તું વીર ॥ પાયે ॥ ૫ ॥
વગતો કીધો એ આતમા ॥ સ્વામી ॥ ગુણે હવો ખણ્ડ ॥
ચોરાસી લક્ષ જીવ થયા । તેણે ભર્યા રે બ્રહ્માણ્ડ ॥ પાયે ॥ ૬ ॥
બ્રાહ્માણ્ડ મૂક્યું આપધુ ॥ સ્વામી ॥ પડ્યો મોહ સંસાર ॥
હું મારું કરે આંધલું । અંધ એહ ગમાર ॥ પાયે ॥ ૭ ॥
સ્વામી દયાલ તું ઓલગ્યો ॥ સ્વામી ॥ સમરથ શું રે વિચાર ॥
તું આગલ શું માહ્યરું । હુ નથી એક વાર ॥ પાયે ॥ ૮ ॥
આપણ પે થાય અણછતો ॥ સ્વામી ॥ માંહે મહેલે તુઝ ॥
હવે ગમતુ કર તાહ્યરું । ઓધર એહ અબૂઝ ॥ પાયે ॥ ૯ ॥
ક્ષુધા તૃષાદિક આકલો ॥ સ્વામી ॥ કરે સુખ તણી આશ ॥
તેણે વલી ઘટ પામશે । અધોમુખ દશ માસ ॥ પાયે ॥૧૦॥

ક્ષણુ ક્ષણુ જન્મે ને ક્ષણુ મરે ॥ સ્વામી ॥ ચઢે કાલને હાથ ॥
ઠામ ઠામ કરે માહેરું । તે નહીં આવે સાથ ॥ પાચે ॥૧૧॥
ઘર એ જીવ વરાંસિયું ॥ સ્વામી ॥ હવું આપણી રાયુ ॥
ભક્તિ વિહોણો તાહેરી । જમે દીધો ઘાયો ॥ પાયે ॥૧૨॥
સ્વામી કૃપા કરો અતિ ઘણી ॥ સ્વામી ॥ ભજો અનેક વિચાર ॥
અચલ ભક્તિ દે તાહરી । જે છે મુક્તિ ભંડાર ॥ પાયે ॥૧૩॥
વૈકુંઠ બ્રહ્માદિક જૂવે ॥ સ્વામી ॥ પેખે વિષ્ણુ અનંત ॥
રાજા અખેપદ તણો । તેને સેવે સંત ॥ પાયે ॥૧૪॥
તાહરાં સ્વરૂપનો પાર નહીં ॥ સ્વામી ॥ બહુ લીલા બ્રહ્માણ્ડ ॥
ભક્ત જ્યાં જેવું મન ધરે । તહાં તેવે પંડ ॥ પાયે ॥૧૫॥
આપણ પૂજે દાખવે ॥ સ્વામી ॥ તેહને તેસો પસાવુ ॥
તાહરાં સ્વરૂપ જ તું લહે । તું છે ગરૂવો રાવુ ॥ પાયે ॥૧૬॥
દુષ્ટ સાધુને દુભવે ॥ સ્વામી ॥ ધાય તુહજ વાહાર ॥
તે જોગે તેહવાં રૂપ ધરી । દુઃખ ફેડે તે વાર ॥ પાયે ॥૧૭॥
મચ્છ કૂરમ વરાહ તું ॥ સ્વામી ॥ નરસિંહ એક વાર ॥
વામન ત્રિકમ પરશુરામ । રઘુકુલ અવતાર ॥ પાયે ॥૧૮॥
નર નારાયણ કૃષ્ણ તું ॥ સ્વામી ॥ બુદ્ધ કલંકી રૂપ ॥
તું મલે લેખે તાહરું । પરિબ્રહ્મ સ્વરૂપ ॥ પાયે ॥૧૯॥
ગરુડ વાહન છે તાહરે ॥ સ્વમી ॥ કૌસ્તુભ મણિ હાર ॥
શ્રી વત્સ લાછન જલહલે । એહવાં રૂપ કંઈ વાર ॥ પાયે ॥૨૦॥
બ્રહ્માદિકને પ્રત્યક્ષ હવા ॥ સ્વામી ॥ સુખ પોઢ્યા શેષ ॥
લક્ષ્મી ચરણ સેવા કરે । એવા તારા વેષ ॥ પાયે ॥૨૧॥
તાહરા આધારે જીવ છે ॥ સ્વામી ॥ પંચવિશમો જેહ ॥

પ્રકૃતિ છાંડીને જો જપે । દેખે પરિબ્રહ્મ તેહ ॥ પાયે ॥૨૨॥
પ્રકૃતિ ઉપર જહાં પ્રેમ છે ॥ સ્વામી ॥ કરશે બહુ ધર્મ ॥
તેણે વલી ઘટ પામશે । ભોગવશે કર્મ ॥ પાયે ॥૨૩॥
પ્રકૃતિ કારાગૃહ લેખવે ॥ સ્વામી ॥ ઝૂરે તુજ નિવાર ॥
અંત લગી જો એમ રહે । સત ભુવન નિવાસ ॥ પાયે ॥૨૪॥
પ્રકૃતિ પરિજા પાપની ॥ સ્વામી ॥ હજુ ન મૂકે કાંઈ ॥
શબ્દ ધણીનો રોલવે । વંછે તેહ ઘર જાય ॥ પાયે ॥૨૫॥
પ્રકૃતિ કહે સુણો આતમા ॥ સ્વામી ॥ મુઝ કહે દોષ ॥
વંછી તે હું અનેક વાર । હવે કાં કરે રોષ ॥ પાયે ॥૨૬॥
પ્રકૃતિ પુરુષ એમ બોલતાં ॥ સ્વામી ॥ છૂટ્યો પૂર્વ સ્નેહ ॥
આતમા પરબ્રહ્મ જઈ મલ્યો । પંચ ભાગે થયો દેહ ॥ પાયે ॥૨૭॥
જમ છે બોલ્યું તાહ્યરું ॥ સ્વામી ॥ જુગ એહ જ ધર્મ ॥
તુજ વિન જપ તપ દાન દયા । તે સઘળા કર્મ ॥ પાયે ॥૨૮॥
જુગ જુગ દર્શન જૂજવા ॥ સ્વામી ॥ વણસે જુગ અંત ॥
વેદ ન વણસે વણસતાં । બહુ જુગ કલ્પાંત ॥ પાયે ॥૨૯॥
વિષ્ણુનું બોલ્યું વેદ છે ॥ સ્વામી ॥ જેહ ન લાભે પાર ॥
જેને આધારે બ્રહ્માણ્ડ રહ્યાં । સાચો તેહ આધાર ॥ પાયે ॥૩૦॥
તુજ કૃપાથકી રહિત છે ॥ સ્વામી ॥ લોપે રાજ આદેશ ॥
ધર્મ આપ ઘૂમાડીને । માને બોધ જ નેસ ॥ પાયે ॥૩૧॥
અણછતો આતમા વિનવે ॥ સ્વામી ॥ ઓધારજો તાત ॥
તું સમરથ હવે પામીઓ । આદર એહ જ વાત ॥ પાયે ॥૩૨॥

## ॥ ઈતિ શ્રી વિનતી સંપૂર્ણ ॥ ૨ ॥

## ॥ અથ શ્રી કડવુ ॥ ૧ ॥

હરિ હરિ પરબ્રહ્મ ભક્તિ સોહામણી એ ।
વંછે યતિમુનિ દેવ ॥
તેહ પ્રાપત વિના કેમ લહે એ । ॥ ૧ ॥
હરિ હરિ જીવ કોડે ભવ અવતર્યો એ ।
હરિ વિના ન લહે પાર ॥
સંત સંગતે હરજી પામીઓ એ । ॥ ૨ ॥
હરિ હરિ સમરથ પરબ્રહ્મ અનુસરો એ ।
ભાગ્યો અતિ સંદેહ ॥
ભય સઘલા હવે નિરદલા એ । ॥ ૩ ॥
હરિ હરિ પરવશ જીવ વિડંબિયો એ ।
સેવ્યા હરિ પરબ્રહ્મ ॥
બ્રહ્મ હરાદિક વશ હવા એ । ॥ ૪ ॥

॥ આદ ॥ ૧ ॥

હરિ તે હરિહર બ્રહ્મ અગોચરુ એ ।
ચરાચર ગુરુ એ ॥
ગરૂઓ તે પ્રભુ નિરાકાર । ॥ ૧ ॥
હરિ તે સનક પ્રમુખ મુનિવલ્લભુ એ ।
અતિદુર્લભુ એ ॥
કોટિ બ્રહ્માંડ આધાર । ॥ ૨ ॥

હરિ તે નભ જલધર જેસું શામલું એ ।

અતિ નર્મલું એ ॥

જદુકુલ નંદનું બાલ । ॥ ૩ ॥

હરિ તે રૂઅડલો કહાન સોહામણો એ ।

રળિયામણો એ ॥

ખેલે જો રંગ ગોપાલ । ॥ ૪ ॥

॥ આદ ॥ ૨ ॥

ખેલે ખેલે જો રંગે ગોપાલ ।

નિરંજન અંજનવાન શરીરો ॥ ૧ ॥

હરિ તે જગત જીવન । અકલ અસંભવ ।

ભવરિપુ જાદવવીરો ॥ ૨ ॥

હરિ તે જાદવ વીર । ભવ જલ નિધિ તારે ।

તે ચારે ગાય પીંડારો ॥ ૩ ॥

હરિનું વેણ મધુરું । મધુરે સ્વરે ત્રિભુવન મોહે ।

ન લહે બ્રહ્માદિક પારો ॥ ૪ ॥

॥ આદ ॥ ૩ ॥

પરબ્રહ્મ પરમાનંદ । સ્વામી ગુણનિધિ ગોપી ગોવિંદ ॥

જાદવનંદનું એ । હરિ તે ત્રિભુવન વંદનું એ ॥ ૧ ॥

સમરથ અતિ બલવંત । સ્વામી અવિગત એક અનંત ॥

ત્રિદશ અગોચરુ એ । હરિ તે હરિ હર અપરંપરુ એ ॥ ૨ ॥

ગ્રહ્યાં ગ્રહ્યાં બ્રહ્માંડ અનેક । સ્વામી વ્યાપક તું હરિ એક ॥
રમેને અલગ થયો એ । હરિ તે કોણે ન દીઠડો એ ॥ ૩ ॥
આદે છે અવિગત રૂપ । સ્વામી હરિ હર બ્રહ્મ સ્વરૂપ ॥
આપણપે વિખરે એ । હરિ તે ત્રિભુવન વિસ્તરે એ ॥ ૪ ॥

॥ આદ ॥ ૪ ॥

પરમપુરુષ પરમાતમા । આતમા કેરો તાત ॥
વાસુદેવ હરિ પરબ્રહ્મ । બ્રહ્મા મહેશ્વર નાથ ॥ ૧ ॥
આપણપે છો રે અવિગત । વિગતા કિધા અવતાર ॥
બ્રહ્માદિક સુર માનવ । દાનવ ન લહે પાર ॥ ૨ ॥
શુક સનકાદિક સેવે રે । દેવ અનોપમ એક ॥
રૂપ ઘણાં છે જેહ તણાં । તેહ તણાં નામ અનેક ॥ ૩ ॥
સચરાચર જેણે ભોલવ્યું । ભૂલવ્યું વિવિધ વિચાર ॥
પ્રકૃતિ તણે ગુણે વાહિયો । મોહિયો ભમે રે સંસાર ॥ ૪ ॥
સ્થાવર જંગમ વ્યાપીને । આપિયું કાલ ને હાથ ॥
ગર્ભ સંકષ્ટ દુઃખ । દુષ્કુત સુકૃત કીધાં સાથ ॥ ૫ ॥
જન્મ મરણ વશ આતમા । આતમ જ્ઞાન અજાણ ॥
સાર વચન જેણે આપીને । સ્થાપીઆં વેદ પુરાણ ॥ ૬ ॥
એક અધ્યાતમ વાહીઓ રે । વણ સ્વામી પરજ્ઞાન ॥
સીયલ અવનીશ્વર છાંડીને । માંડીઉ નિશ્ચલ ધ્યાન ॥ ૭ ॥
સ્વામીજી તમો છો અવર નથી । નથી કો સીઅલ સંસાર ॥
વગત પરિ કરો કારમી । વારોજી ગર્ભ અવતાર ॥ ૮ ॥

॥ આદ ॥ ૫ ॥

સુર મુનિ અંતરિક્ષ સ્તરે રે ગોકુલ ।

હરિ તે અતિ રે અકલ ॥

હરિ હરિ રમે રે ગોવિંદ આનંદ ભર્યો એ । ॥ ૧ ॥

આપણપે રમતો પીંડારાં રમાડે ।

હરિ તે રમે ને રમાડે ॥ હરિ તે જમે ને જમાડે ।

હરિનો ગગન બ્રહ્માદિક વિચાર કરે એ । ॥ ૨ ॥

અકલ રમત માંડી ગોકુલ માંહે ।

રમત બ્રહ્માદિક ચાહે ॥

હરિ આપણપે અડે ન આભડે એ । ॥ ૩ ॥

બ્રહ્મા વછ હરતો મહેલો ।

વડેરો પીંડાર હરિ તે સરજન હાર ॥

હરિ હરિ હેલાયે કોટિ બ્રહ્માંડ ઘડે એ । ॥ ૪ ॥

॥ આદ ॥ ૬ ॥

રંગ લાગ્યો રે રંગ લાગ્યો રે । સ્વામી પરબ્રહ્મ ધ્યાન ॥

કર્મમારગ જોઈ મૂકીઓ । ॥ ૧ ॥

તહાં નથી અરે તહાં નથી અરે । લહિયો કાંઈ સાર ॥

પાર ન દીસે રે ભવ તણો । ॥ ૨ ॥

મન રાતું રે મન રાતું રે । આગે અનેક વાર ॥

પુત્ર કલત્ર ધન જોબને । ॥ ૩ ॥


તે વણસંતુ રે તે વણસંતુ રે । સુખ સહુ એ આલ ॥
એમ જોઈ રંગ ઉતર્યો । ॥ ૪ ॥

॥ આદ ॥ ૭ ॥

પરમાતમા રે પરમાતમા રે । સ્વામી તું પરબ્રહ્મ ॥
બ્રહ્મા મહેશ્વર સરજીઆ । ॥ ૧ ॥
તું તાહરું રે તું તાહરું રે । સ્વામી છે સહુ એ વાર ॥
સાર કરો હવે આપણી । ॥ ૨ ॥
તે સઘલી રે તે સઘલી અરે । પેરે વિખરું આપ ॥
આપ આપણે અવિગત હવો । ॥ 3 ॥
તું ગરૂવો રે તું ગરૂવો રે । જેહવા જુગદાધાર ॥
દુઃખ સહે તો લાજે નહિ । ॥ ૪ ॥

॥ આદ ॥ ૮ ॥

## ॥ ઈતિ શ્રી કડવું સંપૂર્ણ ॥ ૧ ॥



## ॥ અથ શ્રી કડવુ ॥ ૨ ॥

હરિ હરિ કોટ બ્રહ્માંણ્ડ પતિ કહાનુઓ એ ।

ગરૂઓ જાદવ રાય ॥

વેદ ઉપનિષદે ગાઈએ એ ॥ ૧ ॥

હરિ હરિ ઋષિ ઉપહાર કરી જે જજે એ ।

કીધાં જાણ અજાણ ॥

માગંતો પરતક્ષ ન ઓલખ્યો એ ॥ ૨ ॥

હરિ હરિ જગનપુરુષતે અબલાએ ઓલખ્યા એ ।

કીધાં અજાણે જાણ ॥

તેહને પરમપદ આપીઉ એ ॥ ૩ ॥

હરિ હરિ ગોર સંદીપ વરાંસિયા એ ।

જે પ્રભુ અદબદ દાતાર ॥

તેહ કસું મૃતક સુત માગિયો એ ॥ ૪ ॥

॥ આદ ॥ ૧ ॥

હરિ એ ગોવરધનગિરિ કર ધર્યો એ । જુગ ઓધરો એ ॥

સમરણ દેવ અનંત ॥ ૧ ॥

હરિ તે કામિની જન મન ક્ષોભતું એ । અતિ શોભતુ એ ॥

ધ્રુવ શુક નારદ ચંત ॥ ૨ ॥

હરિ દ્વાર વૈકુણ્ઠને સુર રહો એ । જોતાં નવ લહો એ ॥

મુનિવર માંહિ પ્રવેશ ॥ ૩ ॥

હરિના સંત આનંદ ભર્યા સુખે રમે એ । અતિ અનુગમે એ ॥
નિરભે રાજ આદેશ ॥ ૪ ॥

॥ આદ ॥ ૨ ॥

હરિ હરિ સંત સંગત । સંગત અહરનિશ કીજે ॥
પીજે પરમાનંદો ॥ ૧ ॥
જાયે જાયે જનમ મરણ । પુનરાગમ ભય નહીં ॥
નહી ગમ સુર મુનિ ઈંદ્રો ॥ ૨ ॥
હરિનીશરણાગત । વિજે પિંજર દયાનિધિ ॥
રિદ્ધિઅક્ષય પદ દાતારો ॥ 3 ॥
હરિ હરિ ધ્રુવને પ્રહલાદ । વિભીષણ નિશ્ચલ ॥
અચલ ભગત ઉપકારો ॥ ૪ ॥

॥ આદ ॥ 3 ॥

જેમછે પાવક એક । સ્વામી તેહ થકી દીપક અનેક ॥
પાવક અતિબલુ એ । હરિ તે દીપક નહીં બલુ એ ॥ ૧ ॥
પાવક તે પરબ્રહ્મ । સ્વામી દીપક હરિ હર બ્રહ્મ ॥
સુર નર ભુજંગમુએ । સહુએ સ્થાવર જંગમુએ ॥ ૨ ॥
ગરૂઓ જુગદાધાર । સ્વામી જેહનું ન લાભે પાર ॥
સોલસહસ્ર વરુ એ । હરિ તે બ્રહ્મ શંકર ગરૂ એ ॥ 3 ॥
આત્મા રહે હરિ ધ્યાન । સ્વામી આપણપે પ્રગત ન માન ॥
પરબ્રહ્મ અવિગતું એ । હરિને સેવે સરવ ગતુએ ॥ ૪ ॥

આત્મા છે તહારે હાથ । સ્વામી નથી રે પ્રકૃતિને સાથ ॥
હરિ વિના કોટ જનમ ફરું એ । હવે હરિ શરણે અનુસર્યું એ ॥ ૫ ॥

॥ આદ ॥ ૪ ॥

અવતરિ સુખ કૈસે માગે રે । આગે તું વેરીને હાથ ॥
વિષયા ન મૂકે રે અદ ક્ષણુ । મરણ પલે નિત સાથ ॥ ૧ ॥
વણસતા સુખ મધ્યે અંધુરે । બાંધુ પડું છે વિલાણ ॥
મૂઢ પણે નથી ચેત તું । દુઃખ સહસિ નિરવાણ ॥ ૨ ॥
સૃષ્ટિજ પહેલો રે તુહજ । તું હરિ સરજન હાર ॥
ગરૂઓ તે સમરથ તુહજ । તું હરિ દયાનો ભંડાર ॥ ૩ ॥
સેવક જનને દયાલ તું । કાલ તું ભગત વિહીન ॥
કર્મ ઈંદ્રી વસ દૂહવું । તું હવે છોડવ દીન ॥ ૪ ॥
કૃષ્ણ ગોવિંદ મુરારિ તું । પાર લે આત્મા એહ ॥
હરિ પુરુષોત્તમ પરબ્રહ્મ । વિષ્ણુ નારાયણ જેહ ॥ ૫ ॥
જલધરશ્યામ પીતાંબર । સુંદર મૂરત અનંત ॥
કમલનયન કમલાનન । ધનપતિ કમલા કંથ ॥ ૬ ॥
વેર ભાવે જે અવતર્યા । સારિયા તેહ તણાં કામ ॥
ભક્તિ ભાવે છે અનુસર્યા । લે હવે નિશ્ચલ ઠામ ॥ ૭ ॥
નિરમલ અકલ અનોપમ । ઉપમા કહી નવ જાય ॥
જગતપતિ પરમેશ્વર । ઈશ્વર અહર્નિશ ધાય ॥ ૮ ॥

॥ આદ ॥ ૫ ॥

ભક્ત પરાયણ ધર્મ પાલક । હરિ તે નંદનુ બાલક ॥
હરિ હરિ સંત તણા રિપુ નીરદલા એ ॥ ૧ ॥
રાવણ પ્રમુખ હરાદિકે થાપ્યો । હરિયે તેહને ઉથાપ્યો ॥
હરિ હરિ થાપીઓ પદ વલી આપણે એ ॥ ૨ ॥
વંદ્રાવનમાં ગોપી સરસું વિલસે જુગદાધાર । હરિ તે ભગત સાધાર ॥
હરિ હરિ આપણ પે સાચુલુ બ્રહ્મચારિ એ ॥ ૩ ॥
જલ રેલંતુ ગોકુલ રાખ્યું । ત્રિભુવનનો નાયક ॥
હરિ તે મુક્તિ દાયક । હરિ હરિ લીલાયે જલધર નીરદલો એ ॥ ૪ ॥

॥ આદ ॥ ૬ ॥

રંગ લાગ્યો રે રંગ લાગ્યો રે । સ્વામી ચોલ મજીઠ ॥
પતંગનો રંગ ઉતર્યો ॥ ૧ ॥
વિષ જાણ્યું રે વિષ જાણ્યું રે । લઈયો કામ વિલાસ ॥
ભોગ સર્વે પાવક સમા ॥ ૨ ॥
હવે છાંડો રે હવે છાંડો રે । લઈયો શોક સંસાર ॥
વૈરાગ બંધન ભેટીઓ ॥ ૩ ॥
તેણે ટાલ્યું રે તેણે ટાલ્યું રે । લઈયો તેખ સંઘાત ॥
કામ ક્રોધ મદ પરહર્યા ॥ ૪ ॥

॥ આદ ॥ ૭ ॥

હરિ ગોવિંદા રે હરિ ગોવિંદા રે । સ્વામી તું પરબ્રહ્મ ॥
પસાય માગી કરું વિનતી ॥ ૧ ॥

એ રમતડી રે એ રમતડી રે । હવે પરિમે'લ ॥
જણા તણે વશ દુઃખ સહ્યા ॥ ૨ ॥

એ આપણ પેરે એ આપણ પેરે । સ્વામી આતમ સ્વરૂપ ॥
જુજવાં કરીને કાં એ રોલવે ॥ ૩ ॥

તું વરાંસીઓ રે તું વરાંસીઓ રે । અતિ ચતુર સુજાણ ॥
ખાણ ચાર રહ્યો એકલો ॥ ૪ ॥

॥ આદ ॥ ૮ ॥

## ॥ ઈતિ શ્રી કડવું સંપૂર્ણ ॥ ૨ ॥

## ॥ લોટી કારજ ॥ - ૨૨

માયા રે શિકોતરે આતમા ઘાર્યો ।
મલિન મંત્ર વિષયાદિકે ભાર્યો

પામ્ય શરણ હરિ પરબ્રહરાય ।
ગર્ભ ટાલેવા નથી અનેરો ઉપાય રે

પરબ્રહ્મ નામે મંડલ પૂરાવો ।
સમરણ નરસિંહ વીર બોલાવો રે

પરબ્રહ્મ નામે મહામંત્ર સાધો ।

ઈંદ્રી સહિત નિશ્ચલ મન બાંધો રે

ક્ષિતિ જલ ગગન પવન નહિ તેજ ।

તહીએ તું સ્વામી માહરા પરબ્રહ્મ એક રે

ચરાચર પ્રગટ અભ્યંતર જીવ સ્થાપ્યો ।

નરક વીડંબવા જમ કર આપ્યો રે

આતમાપે તું કર્મ કરાવે ।

કર્મ ભોગવવા દેહ ધરાવે રે

જન્મ મરણ વશ આતમા વગોયો ।

ડસભરી તાહેરા નામસુ ન રોયો રે

જહીએ રે સ્વામી તમો વડ પત્ર સુતા ।

તહીએ આતમા કહો કહાં હુતા રે

અણછતો ભગત વિનંતી કરજોડ ।

તું મિલે હવે સંકષ્ટ છોડ રે

## ॥ ઈતિ લોટી કારજ સંપૂર્ણ ॥

## અથશ્રી વેદપુરાણ - ૨૬

હરિ હરિ વેદ પુરાણ સ્મૃતિ ષટ્દર્શન,

નિઘંટ વિચારી સ્વામી જોઈયું એ ॥ ૧ ॥

હરિ હરિ એકજ સાર સનાતન લાધુએ,

ચૈતન હરિ પરબ્રહ્મ તણું એ ॥ ૨ ॥

પાછલા જન્મ તણા દુઃખ કાં વિસારો,
ગર્ભને ઘરે લેઈ તું કાં થયો એ ॥ ૩ ॥
કર્મ તજી હરિનું ધ્યાન મા છાંડેસ,
અહર્નિશ અનુસરો ક્ષણું ઘડી એ ॥ ૪ ॥
ધંધે વાહિયો કાલમાં નિગમો,
કાજ છે તે સીધું નથી એ ॥ ૫ ॥
જન્મ મરણ સુખે દુઃખે વાહિયો,
કાજ સીધા વિના જગ ભમ્યો એ ॥ ૬ ॥
કાજ સીધું નથી કામ ઉપર નથી,
કાજ સીધા વિના ઘર નથી એ ॥ ૭ ॥
દેહ ઘરે તે આતમા બોલીએ,
દેહ વિના પરમાતમા એ ॥ ૮ ॥
મૂરત વિના પરમાતમા ધાઈએ,
અવર પ્રપંચ કીજે નહીં એ ॥ ૯ ॥
તે પરમાતમાથી સૌ ઉપજે,
અંતે તેણે વલી સહુ આથમે એ ॥ ૧૦ ॥
સાથી ભૂલ્યો વન એકલો રુવે એ,
સાથી દીઠા વિના ન વિસમે એ ॥ ૧૧ ॥
જનની વિછોહુ જેમ બાલક રુવે એ,
જનની પામ્યા વિના નિવરત નહિ એ ॥ ૧૨ ॥

જલ વિના માછલી ટલવલે અતિ ઘણું,
ઉદક પામ્યા વિના સુખ નહીં એ ॥ ૧૩ ॥
એમ પરમાતમા સું રહે આતમા,
એટલે કાજ સીધું સહી એ ॥ ૧૪ ॥
બ્રહ્મ જ બોલે બ્રહ્મ જ સાંભલે,
બ્રહ્મ દેખેને પરબ્રહ્મ જપે એ ॥ ૧૫ ॥
વાસુદેવ પરમાતમા પરબ્રહ્મ,
વિષ્ણુ નારાયણ એક તું એ ॥ ૧૬ ॥
જીવ અજાણ કાં ધંધે વાહિયો,
પોતે અધિક ઓછું નહિં એ ॥ ૧૭ ॥
પરબ્રહ્મ આવશે જે જમ રાખ્યા એ,
તે તમ રહોને પરબ્રહ્મ જપો એ ॥ ૧૮ ॥
સમરથ સબલ સનાતન સાર એ,
પાર નહીં જસ ગુણ તણો એ ॥ ૧૯ ॥
પરબ્રહ્મ નામની ઉપરાજન સાચી એ,
તે વિના પ્રાણ સિદાય ઘણું એ ॥ ૨૦ ॥
આપ કુબુધે નવું નવ કીજીએ,
પરબ્રહ્મ બોલ ના લોપી એ ॥ ૨૧ ॥
બોલ લોપે હોય ધણી એ વહુણો એ,
તેહતણી ગત હવે કોણ હશે એ ॥ ૨૨ ॥

ધણી મૂકે તેહનું આવશ લોપે એ,

અવર મારગ તેહને નથી એ ॥ ૨૩ ॥

ધણી સાચો તેહનું આવશ સાચું એ,

અવર કૂડુંસહુ વણસતું એ ॥ ૨૪ ॥

અણછતાં ઉપજે છતાં વણસે એ,

તેહ તણો બોલ સ્વામી નર્ક છે એ ॥ ૨૫ ॥

જેહ સદાય છે સરજેને ફેડે એ,

તેહ મૂકીને કોણ સેવીસ એ ॥ ૨૬ ॥

ધંધે રે વાહિયો બાપ વિસારિયો,

તો કોણ નર્કથી તને કાઢસે એ ॥ ૨૭ ॥

દર્શન સેવીસ ધરમ સંભાલીશ,

અચલ સેવા વિના વણસશે એ ॥ ૨૮ ॥

અનેક પ્રકાર તું પ્રાણ આગે હવો,

હવે કસું કોડ તુને વર્લ એ ॥ ૨૯ ॥

અમૃત પામ્યો પ્રમોદે કાં ઢોલે એ,

અવર રસ નથી કાંઈ હરિ સમો એ ॥ ૩૦ ॥

કાચ કારણ મણિ હાથથી કાં નિગમેં,

થોડલે સુખે બહુ સુખ કાં લજે એ ॥ ૩૧ ॥

ગર્વ મા કરસે તું પૃથ્વી પતિ રાજિયા,

રંક માં ખીજેસ તું દાલદ્રીયા એ ॥ ૩૨ ॥

હરસદ કેરી પરબના પાણીની પેર,

રુધિર સાટે અહાં ઉદક છે એ ॥ ૩૩ ॥

જાગદાનાદિકે રાજ પ્રાપ્ત હોય,

ધર્મ ખૂટેને વલી દુઃખ સહે એ ॥ ૩૪ ॥

પૃથ્વીપતિ તણું સુખ ધનપતિ તણું સુખ,

સૂક્ષ્મ જીવ તણું સુખ સમતોલ છે એ ॥ ૩૫ ॥

આપ આપણે મન જે સુખ માને એ,

નર્ક સપૂર્ણ તેહને તહાં છે એ ॥ ૩૬ ॥

પરબ્રહ્મ પદસુખ જે જઈ બેઠા,

ઈન્દ્રપદ લગી તે નવ આભડે એ ॥ ૩૭ ॥

મનના મનોરથ છાંડીને હરિ ભજો,

વિગત ફીટને સહુ એક હોય ॥ ૩૮ ॥

ભાષા ન જાણું ને છંદ ન જાણું એ,

એક જાણું સ્વામી માંડણ હાર એ ॥ ૩૯ ॥

તમ વડે જાણું ને તમ વડે જીવું એ,

તમ વડે છોડવું સ્વામી ચારખાણ એ ॥ ૪૦ ॥

આશ્રમે દર્શને વર્ણે જે ભોલવ્યા,

તું વિના સહુ એ રડવડા એ ॥ ૪૧ ॥

તાહરે આવશે સબલ કર્મ છે,

લાગતો અંધ બીહે નહિ એ ॥ ૪૨ ॥

કરમ ભોગવી પછી દુઃખ સહે આતમા,

તું ન લાજે રે તાહરા ભણી એ ॥ ૪૩ ॥

અણછતો ભગત વિનતી કરે સ્વામીજી,

આતમા ફેડીને અલગો શું કરે એ ॥ ૪૪ ॥

## ॥ ઈતી શ્રી વેદ પુરાણ સંપૂર્ણ ॥

## ॥ આરતી ॥ ૧ ॥ - ૨૪

આરતી સદ્‌ગુરુ જીવણજીકી, સકલ સંત મલી કરો કીર્તિ

નામ નાવ ચઢી પાર ઉતારે, અનેક જીવકે કારજ સારે

નામ રૂપ સબકો દ્રઢાયો, સબ સંતે મલિ હરિ ગુણ ગાયો

સંત સમાગમ અહરનિસ કીજે, રામ રસાયણ અનુદિન પીજે

'દાસ દયાલ' સદ્‌ગુરુ કે શરણા, તાથે મિટ જાયે આવાગવના

## ॥ આરતી ॥ ૨ ॥ - ૨૪

આરતી રામકબીરકી કીજે, હરિહરિ અનંતકોટ જહાં સંત બિરાજે

પ્રેમ પ્રકાશ સકલ ભરપૂરા, યહ સાહેબ સંતનમેં નૂરા

સબ સંતનકે પૂરણ કામા, ત્રેહતા માંહે પધારે રામા

દુષ્ટ વિડારણ સંત ઓધારણ, કૃષ્ણ નામે હે જીવકે તારણ

સુંદર મુખ પર કરત નોછાવરી, માતા જશોદાએ આરતી ઉતારી

સબ ગોપી મલી રાસ બનાવે, કૃષ્ણ કબીર જીવણ તહાં આવે
લીલા કરે વૃદાવન માંહે, 'દાસ દયાલ' ચરણ કી છાંહે

## ॥ ઈતિ શ્રી આરતી ॥

## થાળ પ્રસાદ - ૨૫ આદ - ૧

હરિ પરબ્રહ્મ તમો તો શિયલ ધણી એ,
કરો દીન ઉપર દયા અતિ ઘણી એ...(૧)
તમો સમરણ નાથ વૈકુંઠરાય એ,
તમો ફેડિયો દાનવ તણો ઠામ એ...(૨)
તમો દૈત્ય સંઘારીને દેવ સ્થાપ્યા એ,
તમો ભક્ત પ્રહલાદના બંધ કાપ્યા એ...(૩)
હણ્યો નરક દાનવ હરિયે ચક્ર ધારી એ,
છૂટી રાજકુમારી સહુ તમો પસાય એ...(૪)
હરિ તમે પસાયે સહુ દેવનારી એ,
સુખ ભોગવે રાજ દાનવ નિવારી એ...(૫)
તમો ગ્રાહ્યનાં કષ્ટ માતંગ છોડ્યા એ,
ધ્રુવજી અપર માતાનો પરિભાવ મોડ્યો એ...(૬)
મહાકષ્ટ જલ બૂડતાં હરિ ઓધારો રે,
મુજ ઓધરી પરબ્રહ્મ તમો સીધારો રે...(૭)

હું તો ભક્તિ ભાવે સ્તવું એક સ્વામી એ,
જગન્નાથના ચરણનું શરણ પામી એ...(૮)

## આદ - ૨

દેવ દયાલ પ્રગટ હવા પરબ્રહ્મ
હરિ હરિ આદે વરાહનું રૂપ ધર્યું...(૧)
જેહ શ્રવણ માંહિ લસિયું આકાશ એ,
હરિ હરિ તેજ લસુ રે જૈસે નયન માંહી...(૨)
પાવન લસુરે જૈસે શ્રવણ મોઝાર એ,
હરિ હરિ હારતુ જલ જૈસે ખરિય માંહિ...(૩)
નભ શશી સંભવા ડાઢને અકોર એ,
હરિ હરિ તહીએ હું સ્વામીજીએ ઓધરી...(૪)

## વલણ - ૩

ઓધરી દેવદયાલ નાયએક ભક્ત વત્સલ શૂકરે,
બ્રહ્મા શંકર નહિ જહિએ, સૃષ્ટસું સચરાચરી...(૧)
વિશ્વ કરતા વિશ્વ હરતા, નાથ પરમાનંદ,
વાસુદેવ મુકુન્દ ગુરૂઆ, કૃષ્ણ હરે ગોવિંદ...(૨)

# આદ - ૪

માહેરે વર નથી અવર એહ જ વિના,

હરિ હરિ ઓધરી જેણે હું તેહ વરું...(૧)

અમો મન વસીયું છે એહ વર ગોવિંદ,

હરિ હરિ દો મુજ ગોવિંદ એહ વિચાર...(૨)

દૈત્ય સાંકષ્ટથી છોડવી જેણે યે,

હરિ હરિ સોલ સહસ્ર વર્યા તેહ વરું...(૩)

બ્રહ્મા નારદ ઋષિ હરખે ઉલટિયા એ,

હરિ હરિ બ્રહ્માએ સમરિયા સપતઋષિ...(૪)

સપત સમરા મુનિવરા,

મન હવો હરખ અપાર...(૫)

આવિયા મુનિવર લગન લીધું,

હરિ હરિ જોયો મેલ વિચાર...(૬)

હરખે તે હોય રે હથોલડાં,

હરિ હરિ મલિયા તે સીચલ બ્રહ્માંડ...(૭)

ઈન્દ્ર ચન્દ્ર નરેન્દ્ર મલિયા,

હરિ હરિ મલી શક્તિ ચામુંડ...(૮)

વેદે રૂંધી વાટડી । મુક્તિ ભક્તિકો ઘાટ ॥
ગુરુ પ્રસાદે જીવણા । માર ઉડાડી લાત ॥

ગુરુ બિચારા કહા કરે । જો શિષ્ય ભયા ગુમાર ॥
ખીર કુકરકુ જીવણા । પેટ ન રહે લગાર ॥

વેદ વિરોધ ભયો જીવણા । જબ સદ્‌ગુરુ ભયે સહાય ॥
વેદ કહે નિરંજન ભજો । હમ રઘુવર દુલહો ગાય ॥

લોક વેદ સબ જાન દે । જાન દે ધરતી આકાશ ॥
સદ્‌ગુરુ શબ્દે રહો જીવણા । જહાં પ્રેમ ભક્તિ પ્રકાશ ॥

આદર મળો કે ના મળો તેની કશી પરવા નથી
ત્યમ ફળ મળો કે ન મળો એ જીવણા ઈચ્છા નથી

કર્તવ્ય કરવા જન્મ દિન રાત તેમાં રત રહી
કર્મ મુક્ત વિશ્વ થકી થવા કર્તવ્ય કરવું છે અહીં

## સાખીઓ

નામ હમારો જીવણા, કણબી કુલ અવતાર,
સાંઈ હમારા રામજી, સદ્ગુરુ દાસ ગોપાલ.

સદ્ગુરુ સંદેસા મોકલે, કયાં બચાં સબ આવ,
નામ ચિંતામણિ જીવણા, જે ભાવે સો પાવ.

રામાનંદે જે કહી, સો સુણી દાસ કબીર,
સો સદ્ગુરુ કહી જીવણા, ભજ સીતા પતિ રઘુવીર.

કબીર કેરે પ્રગટે જગમાં જીવણદાસ,
ધજા બાંધી ધમદ્દઢાવિયો જમ કીંકર પામે ત્રાસ.

પક્ષી પાણી પી જતાં, ના ખૂટે સરિતા નીર,
ધર્મ કરતાં ધન ના ખૂટે, સહાય કરે રઘુવીર.

હોમ કનાગત કારટો સાકુટ રાંધ્યો ખાય,
જીવત વિષ્ટા શ્વાનકી મુવે નર્ક લઈ જાય.

# સાખીઓ

બ્રાહ્મણ ભંગી રાવળા ચોથા કહીએ કાગ
કહે કબીર એ ચારે જણ કા મુરદા ઉપર લાગ.

સાકુટ બ્રાહ્મણ ભરડીયો આન દેવ કો પાય
સંત સમાગમજીવણા કહે જે ઊઠી જાય.

કલજુગ બહોત કૃપા કરી સુરત ધરી મેરે શ્યામ
પાટણમાં પધારીયા શ્રી પદ્મનાભજી નામ.

ધન્ય ધન્ય પદ્મનાભને જંગલના છો રસિયા
આગળ પાછળ ઝાડ ઝૂંડને વચમાં પોતે વસિયા.

ગુરુ ગોવિંદ દોનો ખડે કિસકો લાગું પાય
બલિહારી ગુરુ આપકી ગોવિંદ દિયો બતાય.

જપ તપ તીરથ જીવણા પૂજા પાતિ પ્રેમ
સંત સંગત હરિ ભજન બિન ઔર ન દૂજો નેમ.

માતા હમારી જાનકી, પિતા હમારે રામ
જુગ જુગ માગું જીવણા સંત સંગત વિશ્રામ.

## સદ્‌ગુરુ શ્રી જીવણજી મહારાજનું ધામ ફલુ


: પ્રકાશક :

**રામકબીર મંદિર વહીવટી સમિતિ, ફલુ.**

મુ. ફલુ, તા. વિજાપુર, જિ. મહેસાણા. (ઉ.ગુ.)

ફોન : ૯૭૨૩૦૮૨૧૩૫



કોપીરાઈટ



આવૃત્તિ : દ્વિતીય

પ્રત : ૨૦૦૦

તા.૦૧/૦૯/૨૦૧૬

મુદ્રક

શ્રીજી ઓફસેટ & ફ્લેક્ષ બેનર

(ફલુવાળા)

૪૭, મણીરત્ન કોમ્પલેક્ષ, ટી.બી. રોડ, વિજાપુર.

(મો) ૯૯૦૯૫૫૪૮૮૮, ૯૪૨૭૩૨૪૯૦૯

(મો) ૯૬૨૪૦૬૬૦૭૫, ૯૪૨૬૫૮૦૦૭૭

Email : shreejioffsetvijapur@gmail.com